# PM holds All Party Meeting to discuss situation in India-China border areas

June 19, 2020

## ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં પરિસ્થિતિની ચર્ચા કરવા માટે વડાપ્રધાન સર્વપક્ષીય બેઠક યોજે છે

જૂન 19, 2020

**લદાખમાં આપણા 20 બહાદુર સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું પરંતુ તે સાથે આપણી માતૃભૂમિ તરફ આંખ ઉંચી કરવાની હિંમત કરવાવાળા લોકોને પાઠ ભણાવ્યો હતો: વડાપ્રધાન**
**આપણા ક્ષેત્રમાં કોઇ વ્યક્તિ આવ્યું નથી કે આપણી કોઇ છાવણી પર કબ્જો જમાવવામાં આવ્યો નથી: વડાપ્રધાન**
**ભારત શાંતિ અને મૈત્રી ઇચ્છે છે, પરંતુ સાર્વભોમત્વની જાળવણી કરવી સૌપ્રથમ બાબત છે: વડાપ્રધાન**
**તમામ જરૂરી પગલાઓ લેવા માટે સશસ્ત્ર દળોને છૂટ આપવામાં આવી છે: વડાપ્રધાન**
**આપણી સીમાઓને વધારે સુરક્ષિત કરવા માટે સીમા ક્ષેત્રનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસ માટે સરકારે પ્રાથમિકતા આપી છે: વડાપ્રધાન**
**રાષ્ટ્રિય સુરક્ષા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણ માટે તમામ જરૂરી પગલાઓ ઝડપી ગતિ સાથે ચાલું રહેશે: વડાપ્રધાન**
**રાજકીય પક્ષોનાં નેતાઓ સરકાર સાથે એકતામાં ઉભા રહેવાની કટિબદ્ધતા વ્યક્ત કરે છે અને વડાપ્રધાનની આગેવાનીમાં શ્રદ્ધા રાખે છે**

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં પરિસ્થિતિની ચર્ચા કરવા માટે વિડીયો કોન્ફરન્સ મારફત સર્વપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોનાં અધ્યક્ષોએ ભાગ લીધો હતો.

**સશસ્તર બળોની વીરતા**

વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે આપણી સીમાઓનું રક્ષણ કરતા સૈનિકો સાથે આપણે બધા એકતા સાથે ઉભા છીએ અને તેઓની હિંમત અને બહાદૂરીમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીએ છીએ. તેણે ઉમેર્યું હતું કે સર્વપક્ષીય બેઠક મારફત, તે શહિદોનાં પરિવારોને ખાતરી આપવા માંગે છે કે સમગ્ર દેશ તેઓ સાથે ઉભો છે.

પ્રારંભમાં, વડાપ્રધાને સ્પષ્ટતા કરી હતી કે કોઇપણ વ્યક્તિ આપણા ક્ષેત્રમાં નથી કે આપમી કોઇપણ છાવણી પર કબ્જો જમાવવામાં આવ્યો નથી. તેણે કહ્યું હતું કે આપણા 20 બહાદૂર સૈનિકોએ લદાખમાં રાષ્ટ્ર માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે એટલું જ નહીં પરંતુ આપણી માતૃભૂમિ તરફ આંખ ઉંચી કરવાની હિંમત કરનારાઓને પાઠ પણ ભણાવ્યો છે. રાષ્ટ્ર સદાય તેઓની વીરતા અને બલિદાનને યાદ કરશે.

વડાપ્રધાને કહ્યું હતું કે સમગ્ર દેશને આઘાત લાગ્યો છે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ચીન દ્વારા લેવામાં આવેલા પગલાઓ તરફ ગુસ્સે થયેલ છે. તેણે નેતાઓને ખાતરી આપી હતી કે દેશની રક્ષા કરવા માટે આપણા

સશસ્ત્ર બળો કોઈપણ કચાશ રાખી રહ્યા નથી. પછી તે તૈનાતી હોય, કાર્યવાહી હોય કે પ્રતિરોધી કાર્યવાહી હોય, જમીનથી હોય, સમુદ્રથી હોય કે વાયુ માર્ગે હોય, આપણા બળો દેશનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાઓ લઈ રહ્યા છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે દેશ એવી ક્ષમતાઓ ધરાવે છે કે આપણી એક ઈંચ ભૂમિ તરફ આંખ ઉંચી કરવા માટે પણ કોઈપણ વ્યક્તિ હિંમત કરી શકતી નથી. તેણે કહ્યું હતું કે આજે ભારતીય બળો તમામ ક્ષેત્રોમાં એકસાથે ગતિવિધિ કરવા સક્ષમ છે. એકબાજું આપણાં સૈન્યને જરૂરી પગલાઓ લેવા માટે છૂટ આપવામાં આવી છે, ત્યારે ભારત દ્વારા રાજદ્વારી માર્ગોથી પણ ચીનને પોતાની સ્થિતિ સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે.

**બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવું**

વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે ભારત શાંતિ અને મૈત્રી ઈચ્છે છે, પરંતુ સાર્વભૌમત્વની જાળવણી કરવી સૌપ્રથમ બાબત છે. તેણે પ્રકાશ પાડ્યો હતો કે સરકાર દ્વારા આપણી સીમાઓને વધારે સુરક્ષિત કરવા માટે સીમા ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસને પ્રાથમિકતા આપી છે. લડાકુ વિમાનો, આધુનિક હેલિકોપ્ટરો, મિસાઈલ ડીફેન્સ સીસ્ટમો અને આપણા બળોની આવી અન્ય જરૂરીયાતો માટે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. તેણે કહ્યું હતું કે તાજેતરમાં વિકસાવેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફત, વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પેટ્રોલિંગની ક્ષમતામાં પણ વધારો થયો છે. અને ઉમેર્યું હતું કે આનાંથી, વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરની પરિસ્થિતિઓથી આપણે વધારે માહિતગાર રહીએ છીએ અને પરિણામે આપણે વધારે સારી દેખરેખ રાખી અને પ્રતિભાવ આપી શકીએ છીએ. અગાઉ કોઈપણ વિક્ષેપ વગર થતી હતી તેવી હિલચાલો હવે આપણા જવાનો દ્વારા ચકાસવામાં આવે છે, જે ક્યારેક તણાવ વધારવા તરફ દોરી જાય છે. તેણે નોંધ લીધી હતી કે મુશ્કેલ પ્રદેશમાં વધારે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી, જવાનોને સાધનસામગ્રીઓ અને મહત્વની વસ્તુઓ પૂરી પાડવાનું તુલનાત્મક રીતે વધારે સરળ બન્યું છે.

વડાપ્રધાને રાષ્ટ્ર અને તેનાં નાગરિકોની સુખાકારી માટેની સરકારની પ્રતિબદ્ધતા ભારપૂર્વક જણાવી હતી અને કહ્યું હતું કે વ્યાપાર હોય, કનેક્ટિવિટી હોય કે પછી આતંકવાદનો સામનો કરવાની બાબત હોય, સરકાર હંમેશા બાહ્ય દબાણ સામે ઉભી રહી છે. તેણે ખાતરી આપી હતી કે રાષ્ટ્રિય સુરક્ષા અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણ માટે જરૂરી તમામ પગલાઓ ઝડપી ગતિથી લેવાનું ચાલું રહેશે. તેણે આપણી સીમાઓનું રક્ષણ કરવાની સશસ્ત્ર બળોની ક્ષમતા અંગે અને તમામ જરૂરી પગલાઓ લેવા માટે તેઓને છૂટ આપવામાં આવ્યા અંગે નેતાઓને ફરીથી ખાતરી આપી હતી.

રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે રાષ્ટ્ર શહિદોનાં બલિગાનને કદાપી ભૂલશે નહીં. વિદેશ મંત્રી એસ. જયશંકરે સીમા વ્યવસ્થાપન પર ભારત અને ચીન વચ્ચે થયેલી સમજૂતિઓની ઝાંખી કરાવી હતી, 1999 માં કેબિનેટ દ્વારા ઓલખ કરી અને મંજુર કરવામાં આવેલા સીમાં ક્ષેત્રોમાં આવેલા પ્રાંતોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે 2014 માં વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અંગે માહિતી આપી હતી, અને તાજેતરની ઘટનાઓ અંગે પણ વિગતો રજૂ કરી હતી.

**રાજકીય પક્ષોનાં નેતાઓ બોલે છે**

રાજકીય પક્ષનાં નેતાઓએ લદાખમાં સશસ્ત્ર બળોએ દાખવેલા શૌર્યને બિરદાવ્યું હતું. તેઓએ જરૂરીયાતનાં આ સમયમાં વડાપ્રધાનની આગેવાનીમાં શ્રદ્ધા રાખી હતી અને સરકાર સાથે એકતામાં ઉભા રહેવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેઓએ આ પરિસ્થિતિનો સામનો કરવા પરનાં તેઓનાં વિચારો અને આઇડિયા રજૂ કર્યા હતા.

શ્રીમતિ મમતા બેનરજીએ કહ્યું હતું કે તેણીનો પક્ષ સરકાર સાથે મજબૂત એકતાથી ઉભો છે. શ્રી નિતિશ કુમારે કહ્યું હતું કે નેતાઓ વચ્ચે કોઇ મતભેદો ન હોવા જોઇએ અને પક્ષોએ એવા કોઇ કુસંપને અનુમતિ ન આપવી જોઇએ જેનો અન્ય રાષ્ટ્રો ગેરફાયદો ઉઠાવી શકે. શ્રી ચિરાગ પાસવાને કહ્યું હતું કે દેશ વડાપ્રધાનની આગેવાનીમાં સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે. શ્રી ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાનને બિરદાવ્યા હતા અને કહ્યું હતું કે સમગ્ર દેશ એક છે અને વડાપ્રધાન સાથે છે.

શ્રીમતિ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે વિગતો અંગે નેતાઓ હજું પણ અંધારામાં છે અને ઇન્ટેલિજન્સ અહેવાલો અને અન્ય સંબંધિત બાબતો વિશે સરકારને પ્રશ્નો પૂછ્યા હતા. શ્રી શરદ પવારે ભારપૂર્વક કહ્યું હતું કે સૈનિકોએ શસ્ત્રો સાથે રાખવા જોઇએ કે નહીં તેનો મુદ્દો આંતરરાષ્ટ્રિય સમજૂતિઓ દ્વારા નક્કી કરવામાં આવે છે અને પક્ષોએ આવી બાબતોમાં સામેલ સંવેદનશીલતાનો આદર કરવો જોઇએ. શ્રી કોનરાડ સંગમાએ કહ્યું હતું કે વડાપ્રધાન ઉત્તરપૂર્વમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહ્યા છે અને તે ચાલું રહેવું અનિવાર્ય છે. શ્રીમતિ માયાવતીએ કહ્યું હતું કે રાજકારણ માટે આ બાબત પ્રથમ વખત બની રહી નથી અને વડાપ્રધાન જે કોઇપણ નિર્ણય લે તેની સાથે તેણી અડગ રીતે ઉભી છે. શ્રી એમ કે સ્તાલિને આ મુદ્દા પર વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા તાજેતરનાં સ્ટેટમેન્ટને આવકાર્યું હતું.

વડાપ્રધાને નેતાઓને તેઓનાં દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરવા અને આ બેઠકમાં ભાગ લેવા બદલ આભાર માન્યો હતો.

**નવી દિલ્હી**
**જૂન 19, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.